# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમની સરકાર વિકસિત ભારત બનાવવા માટે આધુનિક માળખાગત સુવિધાઓમાં અભૂતપૂર્વ રોકાણ કરી રહી છે.
2. પ્રધાનમંત્રીએ સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી મોહમ્મદ બિન સલમાન સાથે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચર્ચા કરી
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સરકાર પર સુરક્ષામાં ખામીઓ અને આર્થિક કટોકટીનો આરોપ લગાવ્યો.
4. **PNG** સેવાઓના વિસ્તરણ અને શહેરી વિસ્તારોમાં આવશ્યક સેવાઓની જાળવણી પર ગોળમેજી બેઠક યોજાઈ
5. ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPLનો બેંગલુરુમાં પ્રારંભ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો શરૂ.

.................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# PRIME MINISTER MODI - NOIDA AIRPORT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે તેમની સરકાર વિકસિત ભારત બનાવવા માટે આધુનિક માળખાગત સુવિધાઓમાં અભૂતપૂર્વ રોકાણ કરી રહી છે. આજે ઉત્તર પ્રદેશના ગૌતમબુદ્ધ નગર જિલ્લાના જેવર ખાતે નોઈડા આંતરરાષ્ટ્રીય વિમાનીમથકના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યા પછી, શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા અગિયાર વર્ષોમાં, માળખાગત સુવિધાઓનું બજેટ છ ગણાથી વધુ વધ્યું છે,

**(BYTE – PM-ON-INFRA)**

પ્રધાનમંત્રી એ જણાવ્યું હતું કે જેવર ખાતે નોઈડા આંતરરાષ્ટ્રીય વિમાનીમથકનું ઉદ્ઘાટન "વિકસિત ઉત્તર પ્રદેશ, વિકસિત ભારત" અભિયાનમાં એક નવો અધ્યાય છે.

**(BYTE – NARENDRA MODI VIKSIT UP)**

શ્રી મોદીએ જણાવ્યું હતું કે વિમાનીમથક કોઈપણ દેશ માટે માત્ર માળખાગત સુવિધા નથી, પરંતુ તે પ્રગતિને પાંખો પૂરી પાડે છે. આ ક્ષેત્રમાં વિસ્તૃત જોડાણ પશ્ચિમ ઉત્તર પ્રદેશના કૃષિ ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં વધુ સારી રીતે ઍક્સેસ કરવા સક્ષમ બનાવશે. આ પ્રસંગે, શ્રી મોદીએ 40 એકરમાં ફેલાયેલી જાળવણી, સમારકામ અને નવીનીકરણ (MRO) સુવિધાનો શિલાન્યાસ પણ કર્યો.

તેમણે કહ્યું કે પશ્ચિમ એશિયામાં છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા યુદ્ધને કારણે, ઘણા દેશો ખોરાક, પેટ્રોલ, ડીઝલ, ગેસ અને ખાતર જેવી આવશ્યક ચીજવસ્તુઓની અછતનો સામનો કરી રહ્યા છે. દરેક દેશ આ કટોકટીનો સામનો કરવા માટે પ્રયત્નશીલ છે.

તેમણે કહ્યું કે ભારત યુદ્ધગ્રસ્ત પ્રદેશમાંથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઇલ અને ગેસની આયાત કરે છે, અને સરકાર આ કટોકટીનો બોજ સામાન્ય પરિવારો અને ખેડૂતો પર ન પડે તે માટે શક્ય તેટલા બધા પગલાં લઈ રહી છે.

શ્રી મોદીએ પુનરોચ્ચાર કર્યો કે ભારતીયો અને ભારતના હિતમાં જે છે તે ભારત સરકારની નીતિ અને વ્યૂહરચના છે.તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તમામ રાજકીય પક્ષો દેશના સંયુક્ત પ્રયાસોને મજબૂત બનાવશે.

નોઇડા ઇન્ટરનેશનલ વિમાની મથક દેશના સૌથી મોટા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ્સમાંનું એક છે. નોઇડા આંતરાષ્ટ્રીય વિમાની મથક પ્રથમ તબક્કો આશરે 11 હજાર 200 કરોડ રૂપીયાના કુલ રોકાણ સાથે જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ વિકસાવવામાં આવ્યો છે.

## PRIME MINISTER - SAUDI ARABIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી મોહમ્મદ બિન સલમાન સાથે ફોન પર વાત કરીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અંગે ચર્ચા કરી.બંને નેતાઓએ નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા અને શિપિંગ રૂટ ખુલ્લા અને સુરક્ષિત રાખવાની જરૂરિયાત પર સંમતિ વ્યક્ત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ પ્રાદેશિક ઉર્જા માળખા પરના હુમલાઓની ભારતની નિંદાનો પુનરોચ્ચાર કર્યો.પ્રધાનમંત્રીએ સાઉદી અરેબિયામાં ભારતીય સમુદાયના કલ્યાણ માટે સતત સમર્થન આપવા બદલ ક્રાઉન પ્રિન્સનો આભાર માન્યો.

# M E A - MODI-TRUMP TALKS

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે 24 માર્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી વાતચીત ફક્ત બંને નેતાઓ વચ્ચે જ હતી.મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એવા અહેવાલોને નકારી કાઢ્યા છે કે અબજોપતિ એલોન મસ્ક પણ વાતચીતમાં સામેલ હતા.તેમણે કહ્યું કે બંને નેતાઓએ વાતચીત દરમિયાન પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી.

# SIBI GEORGE – MALTA

વિદેશ મંત્રાલયના પશ્ચિમી બાબતોના સચિવ, સિબી જ્યોર્જે માલ્ટાના નાયબ  પ્રધાનમંત્રી અને વિદેશમંત્રી, ઇયાન બોર્ગ સાથે મુલાકાત કરી. મંત્રાલયે જણાવ્યું કે તેમણે ભારત અને માલ્ટા વચ્ચે સહયોગને મજબૂત બનાવવા અને દ્વિપક્ષીય સંબંધોના વ્યાપને વિસ્તૃત કરવા અંગે ચર્ચા કરી. મંત્રાલયે જણાવ્યું કે બંને પક્ષોએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી.

# NEPAL-ARREST-PROTEST

યુએમએલ પક્ષના પ્રમુખ કેપી શર્મા ઓલીની ધરપકડ બાદ, સીપીએન-યુએમએલના કાર્યકરો કાઠમંડુ ખીણમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. રાષ્ટ્રપતિની ધરપકડના વિરોધમાં, યુએમએલ સાથે જોડાયેલા સામૂહિક સંગઠનોએ કાઠમંડુના બાબર મહેલ ખાતે જિલ્લા કોર્ટની સામે ટાયરો સળગાવીને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું.

સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા, તેઓ તેમના પ્રમુખ ઓલીને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરી રહ્યા છે.

# WEST BENGAL - ELECTION COMMISSION

**પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના ચાર વિધાનસભા મતવિસ્તારો માટે ચૂંટણી પંચે પોલીસ નિરીક્ષકોને બદલી નાખ્યા છે. તૃણમૂલ કોંગ્રેસની ફરિયાદોને પગલે, પંચે બિહાર કેડરના IPS અધિકારી હૃદયકાંતને માણિકચક, મોથાબારી, સુજાપુર અને વૈષ્ણવનગર વિધાનસભા મતવિસ્તારો માટે નવા નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# AMIT SHAH - KOLKATA VISIT

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ સરકાર પર સુરક્ષામાં ખામીઓ અને આર્થિક કટોકટીનો આરોપ લગાવ્યો. તેમણે ગેરકાયદેસર ઘુસણખોરોને ખુશ કરવાની મમતા બેનર્જીની નીતિને કારણે પશ્ચિમ બંગાળના મજૂરોના ઓછા વેતન અને દયનીય સ્થિતિ પર પણ પ્રકાશ પાડ્યો.

**(BYTE – AMIT SHAH LABOUR)**

શ્રી શાહે આજે કોલકાતામાં "જોનોગોનર ચાર્જશીટ" કાર્યક્રમમાં હાજરી આપી હતી. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના 15 વર્ષના દમન અને કુશાસનનો પર્દાફાશ કરતા દસ્તાવેજનું અનાવરણ કર્યા પછી તેમણે મીડિયાને સંબોધન કર્યું. મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાના મુદ્દા પર, શ્રી શાહે ચૂંટણી પંચ પર હુમલો કરવા બદલ મમતા બેનર્જીની ટીકા કરી. તેમણે કહ્યું કે અન્ય રાજ્યોમાં ખાસ સઘન સુધારા પ્રક્રિયા દરમિયાન, અદાલતોને હસ્તક્ષેપ કરવાની કે ન્યાયિક અધિકારીઓની નિમણૂક કરવાની કોઈ જરૂર નહોતી.

# DELHI POLICE

દિલ્હી પોલીસે આનંદ પરબત વિસ્તારમાં આંતરરાજ્ય માદકદ્રવ્યોની દાણચોરીના એક જૂથનો પર્દાફાશ કર્યો અને એક દાણચોરની ધરપકડ કરી. પોલીસે જણાવ્યું કે આરોપીઓ પાસેથી માદકદ્રવ્યોના **130** કાર્ટન અને એક ચાર પૈડાવાળું કાર્ગો વાહન જપ્ત કરવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું કે વધુ તપાસ ચાલુ છે.

# JAISHANKAR-MACRON

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે રાત્રે ફ્રાન્સમાં **G-7** વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનને મળ્યા હતા. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે તેમણે ફ્રેન્ચ રાષ્ટ્રપતિ સાથે મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી.

# GOYAL-WTO MEETING

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કેમરૂનમાં નોર્વેના વિદેશ મંત્રી એસ્પેન બાર્થ ઈડે અને બ્રિટનના વેપાર રાજ્ય સચિવ ક્રિસ બ્રાયન્ટ સાથે મુલાકાત કરી. આ બેઠક વિશ્વ વેપાર સંગઠનના 14મા મંત્રી સ્તરીય પરિષદની સાથે સાથે  યોજાઈ હતી. શ્રી ગોયલે જણાવ્યું હતું કે બેઠક દરમિયાન, તેમણે સંગઠનમાં સુધારા માટે, તેને સુસંગત અને અસરકારક બનાવવા માટે ભારતના સંપૂર્ણ સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

શ્રી ગોયલે વધુમાં કહ્યું કે વિકાસશીલ દેશોના અવાજને મજબૂત બનાવવામાં અને વધુ સમાવિષ્ટ અને સમાન બહુપક્ષીય વેપાર પ્રણાલીને આકાર આપવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

# PNG-ROUNDTABLE

આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી અને ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ આજે દિલ્હીમાં પાઇપલાઇન કુદરતી ગેસ સેવાઓના વિસ્તરણ અને શહેરી વિસ્તારોમાં આવશ્યક સેવાઓની જાળવણી પર એક ગોળમેજી સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં મુખ્ય હિતધારકોએ શહેરી વિસ્તારોમાં કુદરતી ગેસ નેટવર્કના વિસ્તરણને વેગ આપવા અને આવશ્યક સેવાઓનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા પર ચર્ચા કરી હતી.

હરદીપપુરીએ બદલાતા વૈશ્વિક ઉર્જા પરિદ્રશ્ય પર ચર્ચા કરી. તેમણે ઉર્જા સુરક્ષા અને સુલભતા વધારવા માટે કુદરતી ગેસ માળખાને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો

મનોહર લાલે આર્થિક વિકાસના ચાલક તરીકે શહેરોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો. 50 લાખ નવા કુદરતી ગેસ જોડાણો પૂરા પાડવાના મહત્વાકાંક્ષી લક્ષ્ય પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો.

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ આવશ્યક ચીજવસ્તુઓનો અવિરત પુરવઠો જાળવવા, ખોટી માહિતી પર અંકુશ મૂકવા અને બળતણના કાળાબજારને રોકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# FACT CHECK - OIL SHORTAGE

**સરકારે સોશિયલ મીડિયા પરના અહેવાલોને રદિયો આપ્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત પાસે માત્ર પાંચથી દસ દિવસનો તેલ ભંડાર બાકી છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (PIB) ના ફેક્ટ-ચેકિંગ યુનિટે આ દાવાઓને ભ્રામક ગણાવ્યા છે, અને કહ્યું છે કે દેશમાં ક્યાંય પણ પેટ્રોલ, ડીઝલ કે LPG ની અછત નથી. ઇંધણનો પુરવઠો સ્થિર છે અને તેનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.**

**સરકારે કહ્યું કે નાગરિકોને ગભરાવાની જરૂર નથી. ઇંધણ અને ગેસની ઉપલબ્ધતા અંગે ફક્ત સત્તાવાર સ્ત્રોતો દ્વારા ચકાસાયેલ માહિતી પર આધાર રાખવો જોઈએ.**

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ની 19મી આવૃત્તિનો આજે સાંજે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે પ્રારંભ થયો.પ્રથમ મેચમાં, હાલના ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે આ અગાઉ રોયલ ચેલેન્જર્સએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા મળતા અહેવાલો પ્રમાણે સનરાઇઝર્સ હૈદરાબાદે ----- ઓવરમાં ---- વિકેટે ---- રન કર્યા છે.